# LAW

**PAPER-III**
**AUG-17/16**

Name & Signature of the Invigilator

.............................................

.............................................

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ......................................

......................................................................

**Time : 2½ Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy Fifty (75)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – III only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–III લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હ કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## LAW
## PAPER - III

## કાયદો
## પેપર-III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/assertion and reasoning/matching questions/carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. Read the Assertion (A) and Reason (R). Find the *correct* answer using the codes given below :

**Assertion (A) :** Indian Constitution does not recognize the Doctrine of Separation of Power in its absolute rigidity.

**Reason (R) :** Doctrine of separation of power accommodates a system of checks and balances.

**Codes :**

(A) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(B) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(C) (R) is true but (A) is false

(D) (A) is true but (R) is false

1. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો નીચે આપેલા કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :** ભારતનું બંધારણ સત્તા વિભાજનના સિદ્ધાંતનું સંપૂર્ણ જડતાથી માન્યતા આપતુ નથી.

**કારણ (R) :** સત્તા વિભાજનનો સિદ્ધાંત એ અંકુશ અને સંતુલન (Check and Balance) પદ્ધતિનો સમાવેશ કરે છે.

**કોડ :**

(A) બંને (A) અને (R) સાચા છે પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(B) બંને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(C) (R) સાચું છે પરંતુ (A) ખોટું છે

(D) (A) સાચુ છે પરંતુ (R) ખોટું છે

2. While a proclamation of Emergency is in operation under Art. 352 :

(A) Freedoms guaranteed under Art. 19 is automatically suspended.

(B) Only three out of six freedoms are suspended.

(C) Freedom suspended can be revived during emergency.

(D) Freedom guaranteed under Art. 19 is suspended for civilians only.

2. જયારે અનુચ્છેદ 352 હેઠળ કટોકટીની ઘોષણાનો અમલ ચાલુ હોય ત્યારે :

(A) અનુચ્છેદ 19 થી બક્ષવામાં આવેલા સ્વાતંત્ર્યો આપોઆપ મોકૂફ રહે છે

(B) છ માંથી ફક્ત ત્રણ સ્વાતંત્ર્યો મોકૂફ રહે છે

(C) કટોકટીના સમયમાં મોકૂફ સ્વાતંત્ર્યોને પુનર્જીવિત કરી શકાય છે

(D) અનુચ્છેદ 19 થી બક્ષવામાં આવેલા સ્વાતંત્ર્યો ફક્ત નાગરિકો પૂરતા મોકૂફ રહે છે

3. Independence of judiciary is a part of the basic structure of the constitution was held in one of the following case :

(A) Kesavananda Bharati's case

(B) Minerva Mills Ltd. *Vs.* Union of India

(C) Shri Kumar Padma Prasad *Vs.* Union of India

(D) Indira Nehru Gandhi *Vs.* Rajnarain

3. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણના મૂળભૂત ઢાંચાનો ભાગ છે. એવું ........... કેસમાં ઠરાવવામાં આવ્યું.

(A) કેશવાનંદ ભારતી કેસ

(B) મીનરવા મીલ્સ લીમીટેડ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(C) શ્રી કુમાર પદ્મપ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(D) ઈન્દિરા નેહરૂ ગાંધી વિ. રાજનારાયણ

4. Holding a free and fair Elections is :

(A) The Exclusive Domain of the Election Commission

(B) The Exclusive Domain of the Parliament

(C) The Domain of the Election Commission in Consultation with the Parliament

(D) The Domain of the Election Commission in Consultation with the President

5. The Fundamental Duty can not be ignored as mere duties because in part IV-A "Duty" is prefixed by the word "Fundamental" as in part III. The Fundamental duty is :

(A) Enforceable

(B) Enforceable in matters relating to Elections

(C) Enforceable in matters relating to matters added by 42nd Constitutional Amendment

(D) Not Enforceable

4. મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવી એ :

(A) ચૂંટણી પંચના સંપૂર્ણ તાબામાં છે

(B) સંસદના સંપૂર્ણ તાબામાં છે

(C) સંસદની સલાહથી ચૂંટણીપંચના તાબામાં છે

(D) રાષ્ટ્રપતિની સલાહથી ચૂંટણીપંચના તાબામાં છે

5. મૂળભૂત ફરજોને કેવળ ફરજો માની અવગણી શકાય નહિ કારણ કે પ્રકરણ–૩ થી માફક પ્રકરણ–૪–અ માં ''ફરજ'' ના પ્રત્યય તરીકે ''મૂળભૂત'' શબ્દ પ્રયોજિત થયો છે. મૂળભૂત ફરજો ......... છે.

(A) અમલ થઈ શકે તેવી

(B) ચૂંટણીને લગતી બાબતોમાં અમલ થઈ શકે તેવી

(C) બંધારણના ૪૨ માં સુધારાથી ઉમેરવામાં આવેલી બાબતોનો અમલ થઈ શકે તેવી

(D) અમલ થઈ શકે નહીં

6. A Five Judge Bench of the Supreme Court has held that a judge of the Supreme Court and High Court can be prosecuted and convicted for criminal misconduct in one of the following case :

(A) Subrata Roy *Vs*. Union of India

(B) Delhi Judicial Service Association *Vs*. State of Gujarat

(C) K. Veerasami *Vs*. Union of India

(D) C. Ravichandran Iyer *Vs*. Justice A.M. Bhattacharjee

7. When it is expedient in the National Interest the Parliament may make laws with respect to any matters enumerated in the state list by :

(A) Passing a resolution supported by 1/3 of the members present and voting in the Rajya Sabha

(B) Passing a resolution supported by 2/3 of the members present and voting in the Rajya Sabha

(C) Passing a resolution supported by 1/3 of the members present and voting in the Lok Sabha

(D) Passing a resolution supported by 2/3 of the members present and voting in the Lok Sabha

6. નીચેના પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલતના પાંચ ન્યાયમૂર્તિઓની ખંડપીઠે ઠરાવ્યું છે કે સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધિશ સામે ગુનાહિત ગેરવર્તન બદલ કાર્યવાહી કરી દોષિત ઠરાવી શકાય છે :

(A) સુબ્રતા રોય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(B) દિલ્હી જ્યુડિશિયલ સર્વિસ એસોસિયેશન વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(C) કે. વીરાસામી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(D) સી. રવિચંદ્રન ઐયર વિ. જસ્ટીશ એ.એમ. ભટ્ટાચાર્યજી

7. જ્યારે રાષ્ટ્રીય હિતમાં અપેક્ષિત હોય ત્યારે સંસદ ......... થી રાજ્યની યાદીમાં સમાવિષ્ટ કોઈપણ બાબતને લગતા કાયદા બનાવી શકે છે :

(A) રાજ્ય સભામાં હાજર અને મતદાન કરતા ૧/૩ સભ્યોના ટેકાથી ઠરાવ પસાર કરે

(B) રાજ્ય સભાંમાં હાજર અને મતદાન કરતા ૨/૩ સભ્યોના ટેકાથી ઠરાવ પસાર કરે

(C) લોક સભામાં હાજર અને મતદાન કરતા ૧/૩ સભ્યોના ટેકાથી ઠરાવ પસાર કરે

(D) લોક સભામાં હાજર અને મતદાન કરતા ૨/૩ સભ્યોના ટેકાથી ઠરાવ પસાર કરે

8. One of the following is *not* the essential characteristics of a Federal Constitution :

(A) Superamacy of the Union

(B) Distribution of Powers

(C) Written Constitution

(D) Superamacy of the Constitution

9. Mr. 'X' makes a statement or representation of fact, which induces Mr. 'Y' to alter his conduct or to act to his detriment, relying on the truth of such a statement, 'X' is not allowed to deny such a statement letter on. The doctrine involved is :

(A) Doctrine of Cypres

(B) Doctrine of Basic Structure

(C) Doctrine of Promissory Estoppel

(D) Doctrine of Prospective Overruling

8. નીચેના પૈકીનું કયુ સમવાય તંત્ર બંધારણનું આવશ્યક લક્ષણ નથી?

(A) કેન્દ્રની સર્વોપરિતા

(B) સત્તાની વહેંચણી

(C) લેખીત બંધારણ

(D) બંધારણની સર્વોપરિતા

9. 'X' એવુ વિધાન કરે અથવા હકિકત દર્શાવે કે જેને સાચુ માનીને 'Y' પોતાની સ્થિતિ બદલે અથવા પોતાને નુકસાન કર્તા હોય તેવું કાર્ય કરવા પ્રેરાય. ત્યાર પછી 'X' ને આ વિધાનનો ઈનકાર કરવા દેવાય નહીં. આને .......... સિદ્ધાંત કહેવાય.

(A) યથાસામિપ્યનો સિદ્ધાંત

(B) મૂળભૂત માળખાનો સિદ્ધાંત

(C) વચનાત્મક પ્રતિરોધનો સિદ્ધાંત

(D) ભવિષ્યલક્ષી પ્રત્યાદેશનો સિદ્ધાંત

10. Which of the following statement is *true* in relation to basic bricks of the foundation of any administrative law ?

(1) Checking abuse of administrative power.

(2) Protecting citizens from unauthorised encrochment on their rights and interest.

(3) Ensuring citizens an impartial determination of their disputes by officials.

(4) Making those who exercise public power accountable to the people.

**Codes :**

(A) (1) and (2) is true only

(B) (3) and (4) is true only

(C) (1), (2), (3) and (4) is true

(D) (1), (2), (3) and (4) is false

10. કોઈપણ વહિવટી કાયદાના મૂળમાં પાયાની ઈંટ તરીકે નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે?

(1) વહવટી સત્તાના દુરૂપયોગની ખાતરી કરવી

(2) નાગરિકોના હકકો અને હિતોના અનઅધિકૃત અતિક્રમણ સામે રક્ષણ પૂરૂ પાડવું

(3) અધિકારીઓ દ્વારા નાગરિકોના વિવાદોનું નિષ્પક્ષ નિરાકરણની ખાતરી

(4) જે જાહેર સત્તાનો ઉપયોગ કરતા હોય તેઓ પ્રજાને જવાબદાર છે

કોડ :

(A) ફક્ત (1) અને (2) સાચા છે

(B) ફક્ત (3) અને (4) સાચા છે

(C) (1), (2), (3) અને (4) સાચા છે

(D) (1), (2), (3) અને (4) ખોટા છે

11. If a bias arises from a certain relationship equation between the deciding authority and the parties which incline him unfavourably or otherwise on the side of the parties before him, it is :

(A) Pecuniary bias

(B) Departmental bias

(C) Personal bias

(D) Subject matter bias

11. જયારે નિર્ણાયક અધિકારી અને કેસના પક્ષકારો વચ્ચે સંબંધોના સમિકરણથી પૂર્વગ્રહ ઉત્પન્ન થયો હોય કે જેનાથી તે કોઈ પક્ષકારીની તરફદારી કરે કે અન્યથા દોરાય તો આને .......... કહેવાય.

(A) નાણાકીય પૂર્વગ્રહ

(B) ખાતાકીય પૂર્વગ્રહ

(C) વૈયક્તિક પૂર્વગ્રહ

(D) વિષયવસ્તુ અંગેનો પૂર્વગ્રહ

12. When was the first Bill Providing for OMBUDSMAN was introduced in the Parliament ?

(A) August 1977

(B) May 1968

(C) August 1971

(D) May 1996

13. Which of the following is *not* a ground for the issue of writ of prohibition ?

(A) Procedural irregularity

(B) Violation of the principles of natural justice

(C) Infringment of fundamental rights

(D) Excess or abuse of Jurisdiction

14. Who of the following thinker said that "discretion is a science or understanding to discern between falsity and truth, between right and wrong, and not to do according to will and private affection" :

(A) Sir Ivor Jennings

(B) Edward Coke

(C) A.V. Dicey

(D) Prof. Upendra Baxi

12. ઓમ્બુડઝમેનની જોગવાઈ કરતું પ્રથમ બિલ સંસદમાં ....... માં રજૂ થયુ.

(A) ઓગસ્ટ 1977

(B) મે 1968

(C) ઓગસ્ટ 1971

(D) મે 1996

13. પ્રતિષેધનું આજ્ઞાપત્ર ફરમાવવા માટે નીચેના પૈકી ......... સાચુ કારણ નથી.

(A) પ્રક્રિયાત્મક અનિયમિતતા

(B) કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ

(C) મૂળભૂત અધિકારોનો ભંગ

(D) હકૂમતની ઉપરવટ અથવા હકૂમતનો દુરૂપયોગ અંગે

14. નીચેના પૈકી કયા તત્વચિંતકે કહ્યું છે કે ''વિવેક બુદ્ધિ એ વિજ્ઞાન છે અથવા સત્ય અને અસત્ય, સાચુ અને ખોટુ વચ્ચેના ભેદ અને પોતાની ઈચ્છાશકિત અને અંગત લાગણીથી કોઈ કાર્ય ન કરવા અંગેની સમજ છે :

(A) સર આયવર જેનીંગસ

(B) એડવર્ડ કોક

(C) એ.વી. ડાયસી

(D) પ્રો. ઉપેન્દ્ર બક્ષી

15. Who of the following jurist observed that "it is logically impossible to distinguish administrative law from constitutional law and all attempts to do so are artificial" :

(A) Holland

(B) Ivor Jennings

(C) A.V. Dicey

(D) Keith

15. નીચેના પૈકી કયા તત્વચિંતકે અવલોકન કર્યુ કે ''વહીવટી કાયદાને બંધારણીય કાયદાથી અલગ કરવું તાત્વીક રીતે અશકય છે અને આવું કરવાનાં તમામ પ્રયત્નો અકુદરતી છે.''

(A) હોલેન્ડ

(B) આઈવર જેનીંગસ

(C) એ.વી. ડાયસી

(D) કીથ

16. Who among the following put International Law under Positive morality along with the law of honour and the law of fashion ?

(A) Austin

(B) Allen

(C) Salmond

(D) Savigny

16. નીચેના પૈકી કોણે આંતરરાષ્ટ્રીય કાયદાને ......... 'લો ઓફ ઓનર' અને 'લો ઓફ ફેશન' સહિત હકારાત્મક નીતિમત્તા હેઠળ મૂકયો છે.

(A) ઓસ્ટીન

(B) એલન

(C) સામંડ

(D) સેવિગ્ની

17. Consider the following statements :

(1) The object of legislation is to apply law.

(2) Legislation has both creative and abrogative powers.

(3) Custom is generally based on the will of the people.

Of the above statements :

**Codes :**

(A) (1), (2) and (3) are correct

(B) (1) and (2) are correct

(C) (2) and (3) are correct

(D) (1) and (3) are correct

17. નીચેના વિધાનો ધ્યાને લો :

(1) વિધિવિધાનનો ઉદ્દેશ કાયદો લાગુ પાડવાનો છે

(2) વિધિવિધાનમાં સર્જનાત્મક અને રદબાતલ કરવાની બંને સત્તાઓ છે

(3) રૂઢી સામાન્ય રીતે લોકોની ઈચ્છાશકિત ઉપર આધારિત છે

ઉપરોક્ત વિધાનો પૈકી :

**કોડ :**

(A) (1), (2) અને (3) સાચા છે

(B) (1) અને (2) સાચા છે

(C) (2) અને (3) સાચા છે

(D) (1) અને (3) સાચા છે

18. Match List I and List II and select the *correct* answer using the codes given below the Lists :

| | List I | | List II |
|---|---|---|---|
| (*a*) | Thomas Aquinas | (1) | Normative Order |
| (*b*) | John Austin | (2) | Command Theory |
| (*c*) | Kelsen | (3) | Dictates of reasoning |
| (*d*) | Rawls | (4) | Theory of Justice |

**Codes :**

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (1) | (4) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (3) | (1) | (4) | (2) |
| (D) | (3) | (2) | (1) | (4) |

18. નીચેના લીસ્ટ I અને લીસ્ટ II ને જોડો અને કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો :

| | લીસ્ટ I | | લીસ્ટ II |
|---|---|---|---|
| (*a*) | થોમસ એકવીના | (1) | પ્રમાપક આદેશ |
| (*b*) | જહોન ઓસ્ટીન | (2) | આજ્ઞાત્મક વિચારસરણી |
| (*c*) | કેલસન | (3) | તર્કનું ફરમાન |
| (*d*) | રોલ્સ | (4) | ન્યાયની વિચારસરણી |

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (1) | (4) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (3) | (1) | (4) | (2) |
| (D) | (3) | (2) | (1) | (4) |

19. 'Legal Rights are legally protected interests.' Which one of the following jurists made the above statement ?

(A) Gray

(B) Salmond

(C) Ihering

(D) Holland

19. ''કાનુની અધિકારો એ કાયદેસર રીતે રક્ષિત હિતો છે.'' નીચેનામાંથી કયા કાયદાશાસ્ત્રીએ ઉપરનું વિધાન કર્યું છે?

(A) ગ્રે

(B) સામન્ડ

(C) ઈહીયરીંગ

(D) હોલેન્ડ

20. 'Acquisition of res nullius' is :

(A) Original acquisition of ownership

(B) Derivative acquisition of ownership

(C) Mere custody of the thing

(D) Accessory acquisition of ownership

20. કોઈની ન હોય તેવી વસ્તુની પ્રાપ્તિ એ :

(A) માલિકી હકકનું મૂળ પ્રાપ્તિ

(B) માલિકી હકકની વ્યુત્પાદિત પ્રાપ્તિ

(C) ફકત વસ્તુનો કબજો

(D) માલિકી હકકની સહાયક પ્રાપ્તિ

21. According to Savigny essential requisites of possession are :

(A) Only Corpus Possessionis

(B) Only Animus domini

(C) Neither Corpus Possessionis nor Animus domini

(D) Both Corpus Possessionis and Animus domini

21. સેવગ્નીના મત પ્રમાણે કબજાના આવશ્યક તત્વો ........ છે.

(A) કેવળ કબજાનું શારીરિક આધિપત્ય

(B) કેવળ કબજો ધરાવવાની વૃત્તિ

(C) નતો કબજાનુ શારીરિક આધિપત્ય કે કબજો ધરાવવાની વૃત્તિ

(D) બંને કબજાનું શારીરિક આધિપત્ય અને કબજો ધરાવવાની વૃત્તિ

22. In which case the Supreme Court said that 'Seculorism is one of the basic structures of the Constitution' :

(A) Bachan Singh *Vs.* State of Punjab

(B) Krishna Swamy *Vs.* Union of India

(C) S.R. Bommai *Vs.* Union of India

(D) Kesavananda Bharathi *Vs.* State of Kerala

22. નીચેના કયા ચૂકાદામાં સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે ''બિનસાંપ્રદાયિકતા એ બંધારણના મૂળભૂત ઢાંચાઓમાંનું એક છે?''

(A) બચ્ચનસિંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ

(B) ક્રિષ્નાસ્વામી વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(C) એસ.આર. બોમ્માઈ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(D) કેશ્વાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરાલા

23. Out of the following four names who used to call 'Public Interest Litigation' as 'Social Action Litigation' :

(A) V.R. Krishna Iyer J

(B) P.N. Bhagavati J

(C) Prof. Upendra Baxi

(D) Katju J

24. With an intention to cause bodily injury 'P', hit 'S' with a lathi. He gave blows, one of which fall on the head as a result 'S' died after 20 days. P is guilty of :

(A) murder

(B) causing death by rash and negligent act

(C) grievious hurt

(D) culpable homicide not amounting to murder

23. નીચેના પૈકી કયા ન્યાયમૂર્તિએ ''જાહેર હિતના દાવા'' ને ''સામાજિક હિતની માંગણીના દાવા'' તરીકે પ્રયોજયો :

(A) વી.આર. કૃષ્ણા ઐયર J

(B) પી.એન. ભગવતી J

(C) પ્રોફેસર ઉપેન્દ્ર બક્ષી

(D) કાત્જુ J

24. 'S' ને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી 'P', 'S' ઉપર લાઠીથી પ્રહાર કરે છે. લાઠીના પ્રહારોમાંથી એક ફટકો 'S' ના માથા પર વાગે છે. જેની પરિણામે ઈજાના 20 દિવસ બાદ 'S' નું મૃત્યુ નીપજે છે. P ......... ગુનો કર્યો છે.

(A) ખૂન

(B) અવિચારી અને બેદરકારીથી મૃત્યુ નીપજાવવું

(C) ગંભીર ઈજા

(D) સદોષ મનુષ્યવધ જે ખૂન નથી

25. Match List I with List II and select the *correct* answer using codes given below :

| List I | | List II | |
|---|---|---|---|
| (*a*) | Liability for the act of another | (1) | Strict criminal liability |
| (*b*) | An unlawful act without criminal intention | (2) | No offence in itself |
| (*c*) | Planning to commit a theft | (3) | Abetment |
| (*d*) | Instigating a person to commit an offence | (4) | Vicarious liability |

**Codes :**

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (4) | (3) |
| (B) | (4) | (3) | (2) | (1) |
| (C) | (4) | (1) | (2) | (3) |
| (D) | (3) | (4) | (1) | (2) |

25. નીચેના લીસ્ટ I અને લીસ્ટ II ને જોડો અને કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો :

| લીસ્ટ I | | લીસ્ટ II | |
|---|---|---|---|
| (*a*) | બીજાના કાર્ય અંગેની જવાબદારી | (1) | સખત ફોજદારી જવાબદારી |
| (*b*) | ગુનાહિત ઈરાદા વગરનું ગેરકાયદેસર કૃત્ય | (2) | સ્વયં કોઈ ગુનો નથી |
| (*c*) | ચોરી કરવાની યોજના | (3) | મદદગીરી |
| (*d*) | વ્યક્તિને ગુનો કરવાનું ઉત્તેજન આપવું | (4) | પરકૃત્યજન્ય જવાબદારી |

**કોડ :**

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (4) | (3) |
| (B) | (4) | (3) | (2) | (1) |
| (C) | (4) | (1) | (2) | (3) |
| (D) | (3) | (4) | (1) | (2) |

26. Match List I with List II and select the *correct* answer using the codes given below :

| List I | | List II |
|---|---|---|
| (a) Mens rea | (1) | Always not nec essary |
| (b) Motive | (2) | Condition precedent for any offence |
| (c) Law Presumes innocence | (3) | Relevant and to impute intention |
| (d) Knowledge of the act to be unlawful | (4) | Until crime is proved beyond doubt |

**Codes :**

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (4) | (3) |
| (B) | (2) | (3) | (4) | (1) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (2) | (1) | (3) | (4) |

26. નીચેના લીસ્ટ I અને લીસ્ટ II ને જોડો અને કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો :

| લીસ્ટ I | | લીસ્ટ II |
|---|---|---|
| (a) ગુનાહિત માનસ | (1) | હંમેશા જરૂરી નથી |
| (b) પ્રયોજન | (2) | ગુનો બનવાની પૂર્વશરત |
| (c) કાયદો નિર્દોષતાનું અનુમાન કરશે | (3) | સુસંગત અને હેતુના આરોપ માટે |
| (d) ગેરકાયદેસર કૃત્ય હોવાની જાણ | (4) | જયાં સુધી ગુનો શંકાથી પર પુરવાર થાય |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (4) | (3) |
| (B) | (2) | (3) | (4) | (1) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (2) | (1) | (3) | (4) |

27. A, who is a citizen of India, commits a murder in Zambia. He can be tried and convicted of murder :

(A) in Zambia only where he is alleged to have committed the crime

(B) in any place in India in which A may be found

(C) Both (A) and (B)

(D) Neither (A) nor (B)

27. 'A' જે ભારતનો નાગરિક છે, તે ઝાંબિયામાં ખૂન કરે છે. તેની સામે ......... માં ખૂનના ગુનાની કાર્યવાહી કરી તેને દોષિત ઠરાવી શકાય.

(A) ફક્ત ઝાંબિયામાં કે જયાં તેની ઉપર ગુનો કર્યાનું તહોમત છે

(B) ભારતના કોઈપણ સ્થળે કે જયાં તે મળી આવે

(C) બંને (A) અને (B)

(D) ન તો (A) કે (B)

28. Dacoity is committed :

(A) When 3 or more persons conjointly commit or attempt to commit robbery

(B) When 7 or more persons conjointly commit or attempt to commit robbery

(C) When 5 or more persons conjointly commit or attempt to commit robbery

(D) When 2 or more persons conjointly commit or attempt to commit robbery

28. ધાડ બનશે :

(A) જયારે 3 અથવા તેથી વધારે વ્યક્તિઓ સંયુક્તપણે લૂંટ કરે અથવા લૂંટ કરવાનો પ્રયત્ન કરે

(B) જયારે 7 અથવા તેથી વધારે વ્યક્તિઓ સંયુક્તપણે લૂંટ કરે અથવા લૂંટ કરવાનો પ્રયત્ન કરે

(C) જયારે 5 અથવા તેથી વધારે વ્યક્તિઓ સંયુક્તપણે લૂંટ કરે અથવા લૂંટ કરવાનો પ્રયત્ન કરે

(D) જયારે 2 અથવા તેથી વધારે વ્યક્તિઓ સંયુક્તપણે લૂંટ કરે અથવા લૂંટ કરવાનો પ્રયત્ન કરે

29. 'X' cuts down a tree on 'Y's land with the intention of taking it away, it is :

(A) Criminal breach of trust

(B) Theft as soon as the tree is severed

(C) No offence till tree is taken away

(D) Criminal misappropriation

30. Criminal Conspiracy is defined in :

(A) Section 120 of I.P.C.

(B) Section 120A of I.P.C.

(C) Section 120B of I.P.C.

(D) Section 121 of I.P.C.

31. In which of the following case 'Rarest of rare case' formula was formulated by the Supreme Court :

(A) Ranjeet Singh *Vs*. State of Rajasthan

(B) Bhagirath *Vs*. Delhi Administration

(C) Bachan Singh *Vs*. State of Punjab

(D) Mahesh *Vs*. State of Madhya Pradesh

29. 'Y' ની જમીનમાં આવેલુ એક ઝાડ, લઈ જવાના ઈરાદાથી 'X' કાપે છે, તો એ :

(A) ગુનાહિત વિશ્વાસઘાત ગણાય

(B) ઝાડને જમીનમાંથી છૂટુ કરવામાં આવે કે તરત જ ચોરી ગણાય

(C) જયાં સુધી ઝાડ લઈ જવામાં ન આવે ત્યાં સુધી કોઈ ગુનો બનતો નથી

(D) ગુનાહિત ઉચાપત

30. ગુનાહિત કાવતરાની વ્યાખ્યા ........ કરવામાં આવી છે.

(A) ભારતીય ફોજદારી ધારાની કલમ 120

(B) ભારતીય ફોજદારી ધારાની કલમ 120 –એ

(C) ભારતીય ફોજદારી ધારાની કલમ 120 –બી

(D) ભારતીય ફોજદારી ધારાની કલમ 121

31. નીચેના પૈકી કયા કેસમાં સુપ્રીમ કોર્ટે ''દુલ્લભથી અતિદુલ્લભ કિસ્સા (ravest of rase case)" સૂત્ર આપ્યુ :

(A) રણજિત સિંગ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન

(B) ભગીરથ વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન

(C) બચ્ચન સિંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ

(D) મહેશ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ

32. Eco-centric approach/ethics has been adopted and implemented by the Supreme Court in one of the following case :

(A) R.L. Kendra *Vs.* State of U.P.

(B) T.N. Godavarman Thimmulpad *Vs.* Union of India

(C) M.C. Mehta *Vs.* Union of India

(D) Vellore Citizen's Welfare Forum *Vs.* Union of India

33. Read the Assertion (A) and Reason (R). Find the *correct* answer using the codes given below :

**Assertion (A) :** Public Trust Doctrine requires the state to act as the Trustee of Natural Resources.

**Reason (R) :** The benefit of natural resources to public can not be deprived unilaterally.

**Codes :**

(A) Both (A) and (R) are correct but (R) is not the correct explanation of (A)

(B) Both (A) and (R) are correct and (R) is the correct explanation of (A)

(C) (A) is correct but (R) is incorrect

(D) (A) is incorrect but (R) is correct

32. સર્વોચ્ચ અદાલતે નીચેના પૈકી ...... કેસમાં પર્યાવરણ કેન્દ્રી અભિગમ/નીતિનો સ્વીકાર કરી તેનો અમલ કર્યો.

(A) આર.એલ. કેન્દ્ર વિ. સ્ટેટ ઓફ યુ.પી.

(B) ટી.એન. ગોદાવર્મન થીમુલપાદ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(C) એમ.સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(D) વેલ્લુરી સીટીઝન્સ વેલફેર ફોરમ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

33. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો નીચે આપેલા કોડની મદદથી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :** પબ્લિક ટ્રસ્ટનો સિદ્ધાંત મુજબ રાજ્યોએ કુદરતી સંસાધનો બાબતે ટ્રસ્ટી તરીકે કાર્ય કરવું જોઈએ.

**કારણ (R) :** લોકોને કુદરતી સંસાધનોના લાભથી એકપક્ષીય રીતે વંચિત રાખી શકાય નહીં.

**કોડ :**

(A) બંને (A) અને (R) સાચા છે પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(B) બંને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(C) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(D) (A) ખોટુ છે પરંતુ (R) સાચુ છે

34. Protection and Improvement of Environment and Safeguarding forests and wildlife is :

(A) Fundamental Duty

(B) Fundamental Right

(C) One of the Directive principles of State Policy

(D) Both Directive principles of State Policy and Fundamental Duty

35. The Forest Bench of the Supreme Court in one of the following case has observed on Inter-generational Equity :

(A) M.C. Mehta *Vs.* Union of India

(B) Indian Council for Enviro Legal Action *Vs.* Union of India

(C) T.N. Godavarman *Vs.* Union of India

(D) Rural Litigation and Entitlement Kendra, Dehradun *Vs.* Union of India

34. પર્યાવરણનું રક્ષણ અને સુધાર તેમજ વન્યજીવ અને જંગલોનું સંરક્ષણ એ .......... છે.

(A) મૂળભૂત ફરજ

(B) મૂળભૂત અધિકાર

(C) રાજ્ય નીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાંનો એક

(D) રાજ્ય નીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત ફરજ, બંને

35. સર્વોચ્ચ અદાલતની ફોરેસ્ટ બેંચે નીચેના પૈકી ....... કેસમાં 'ઈન્ટર-જનરેશનલ ઈકવીટી' અંગે અવલોકન કર્યું.

(A) એમ.સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(B) ઈન્ડિયન કાઉન્સીલ ફોર એન્વીરો લીગલ એકશન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(C) ટી.એન. ગોદાવર્મન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(D) રૂરલ લિટીગેશન એન્ડ એન્ટાઈટલમેન્ટ કેન્દ્ર, દેહરાદુન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

36. The Supreme Court of India ordered conversion from fuel to CNG on July 28, 1998. It also set up a committee to evaluate the cleanliness of various fuels by July, 2001. The name of the committee is :

(A) Santhanam Committee

(B) Mallimath Committee

(C) Bhurelal Committee

(D) Madanlal Committee

36. સર્વોચ્ચ અદાલતે જુલાઈ, 28, 1998 ના રોજ ઈંધણને બદલે સી.એન.જી. કરવાનો આદેશ કર્યો. તેણે વિવિધ ઈંધણની ચોખ્ખાઈની તપાસ કરવા માટે જુલાઈ 2001 માં ......... સમિતિની રચના પણ કરી.

(A) સાંથનમ સમિતિ

(B) મેલીમથ સમિતિ

(C) ભૂરેલાલ સમિતિ

(D) મદનલાલ સમિતિ

37. "If anything endangers or impairs the quality of life in degradation of Law, a citizen has a right to move the Supreme Court under Art. 32 of the Constitution." In which one of the following case the above direction was given :

(A) Subash Kumar *Vs*. State of Bihar

(B) M.C. Mehta *Vs*. Union of India

(C) Olga Tellis *Vs*. Bombay Municipal Corporation

